રજુ તારીખ : ૦૭/૧૦/૨૦૨૫
દાખલ તારીખ : ૦૭/૧૦/૨૦૨૫
ફેસલ તારીખ : ૨૮/૦૭/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ

==========================================

**આણંદના મહે એડીશનલ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.આણંદ.**

==========================================

**ફો. કેસ નં. ૭૩૪૦ / ૨૦૨૫**
**આંક :–**

**ફરીયાદી : શ્રી સરકાર**

**:: વિરુધ્ધ ::**

**આરોપીઓ : (૧) બકારામ ઉર્ફે પ્રકાશભાઈ જોરારામ મારવાડી**
રહે.કરમસદ ભુતીયાવાડ, દેવવાળું ફળીયું
તા.જી.આણંદ
**(૨) પ્રકાશભાઈ ઉર્ફે મરચુ ટીલાજીસરગરા**
તા.જી.આણંદ
**(૩) મનોજભાઈ જીવાજી મારવાડી**
રહે.કરમસદ ભુતીયાવાડ, દેવવાળું ફળીયું
તા.જી.આણંદ
**(૪) પ્રતીક દીનેશભાઈ મારવાડી**
રહે. કરમસદ, વિધ્યાનગર રોડ રાજવન સોસાયટી
મકાન નં. ૭ તા.જી.આણંદ.

==========================================

**ગુન્હો : બી.એન.એસ ની કલમ– ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨)(૩),૫૪ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબ.**

==========================================

સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી એસ.બી.ઠાકોર
આરોપીઓ તર્ફે : વિ.વકીલ શ્રી એમ.એમ.પઠાણ

==========================================

**-: ઠ રા વ :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા- ૦૭/૦૮/૨૦૨૫ ના રોજ કલાક-૧૭/૦૦ વાગ્યાના સુમારે મોજે- કરમસદ બળીયાદેવ ચોકડી આગળ આ કામના ફરીયાદીને એવી રીતે કે આ કામના ફરીયાદીએ આરોપી નં. ૧ ને તેની રીક્ષા સાઈડમાં લઈ જવાનુ કહેતા આ કામના આરોપીઓ ઉશ્કેરાઇ જઈ આરોપી નં. ૩ નાએ લોખંડની પાઈપ ફરીયાદીના માથામાં મારી તેમજ બીજા આરોપીઓએ ગડદાપાટુનો માર મારી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, મહે.મેજી.સા.આણંદનાઓના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી, ભારતીય ન્યાય સંહીતાની કલમ- **૧૧૫(૨), ૩૫૨, ૩૫૧ (૨)(૩), ૫૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫** મુજબ નો ગુનો નોંધેલ અને તપાસના અંતે ત.ક.અ.એ આ અદાલતમાં આરોપીઓ સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ- ૨૩૦ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના-મુલ્યે પુરી પાડવામાં આવેલી. આક્ષેપિત ગુના અંગે આરોપીઓ સામે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક- ૦૫ થી ૦૮ સુધી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓ એ ગુનાનો ઈન્કાર કરતા, આરોપીઓ વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે સદરહું ઈન્સાફી કાર્યવાહીમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**(અ) મૌખિક પુરાવા :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી છગનભાઈ દેવાજી મારવાડીની સોગંદ ઉપરની જુબાની | ૧૭ |

## (બ) દસ્તાવેજી પુરાવા :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૮ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૯ |
| ૩. | અંગજડતીનું પંચનામું | ૨૦ |
| ૪. | ઇન્જરી સર્ટીફીકેટ | ૨૧ |

(૪) સદરહું કામે રેકર્ડ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરવા બાબતે કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે. સદરહું કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓ નું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો આવેલ ન હોય, આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪.૧) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી નાઓની દલીલો સાંભળી તથા આરોપીઓ ના વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયીક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

### :: મુદ્દા ઓ ::

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા–૦૭/૦૮/૨૦૨૫ ના રોજ કલાક–૧૭/૦૦ વાગ્યાના સુમારે મોજે– કરમસદ બળીયાદેવ ચોકડી આગળ આ કામના ફરીયાદીને એવી રીતે કે આ કામના ફરીયાદીએ આરોપી નં. ૧ ને તેની રીક્ષા સાઈડમાં લઈ જવાનુ કહેતા આ કામના આરોપીઓ ઉશ્કેરાઇ જઈ આરોપી નં. ૩ નાએ લોખંડની પાઈપ ફરીયાદીના માથામાં મારી તેમજ બીજા આરોપીઓએ ગડદાપાટુનો માર મારી ગાળો બોલી જાનથી મારી નાંખવાની

ધમકીઓ આપી, મહે.મેજી.સા.આણંદનાઓના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી, ભારતીય ન્યાય સંહીતાની કલમ– **૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫** મુજબ ના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

➢ **<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>**

(૭) ફરીયાદપક્ષ તરફે આંક–૧૭ થી ફરીયાદી છગનભાઈ દેવાજી મારવાડીનાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે," બનાવ તા.૦૭/૦૮/ ૨૦૨૫ ના રોજ બનેલો તે સમયે પાંચ વાગ્યાની આસપાસ મારી રિક્ષા જેનો નંબર GJ–23–Z–5394 લઇને કરમસદ બળીયાદેવ ચોકડી આગળ ઉભો હતો અને તે સમયે દબાણ હટાવવા માટે કરમસદ મહાનગરપાલીકાનાં માણસો આવવાનાં હતા જેથી તે સમયે પ્રકાશભાઇ છોટાભાઈ મારવાડી તેમની રિક્ષા લઇને રસ્તા વચ્ચે ઉભા હતા જેથી તેઓને રસ્તા વચ્ચે ઉભા રહેવાની ના પાડતાં તેઓ સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી. ત્યારબાદ તેઓ ત્યાથી જતા રહેલ અને થોડીક વારમાં તેઓ રિક્ષામાં માણસો લઇને કરમસદ બળીયાદેવ ચોકડી આગળ આવેલા ત્યારે તેમની રિક્ષામાં પ્રકાશ લીલાજી મારવાડી અને પ્રતિક દિનેશભાઇ મારવાડી અને મનોજ મારવાડીનાઓ હતા અને તેમની સાથે મારે જપાજપી અને બોલાચાલી થયેલી જેથી મને ઈજાઓ થયેલી અને ત્યાથી તેઓ નિકળી ગયેલ મને માથામાં વાગેલ હોય અને લોહી નિકળતુ હોય જેથી મારા કુટુંબી ભાઇ ચેતનભાઈ તેમજ મારા પિતા મને ખાનગી વાહનમાં સારવાર માટે હોસ્પીટલમાં લઈ ગયેલા અને હું સંપુર્ણ ભાનમાં આવેલ ત્યારબાદ ઉપરોકત આરોપીઓ વિરૂધ્ધ વિધાનગર પો.સ્ટેમાં તેઓનાં

વિરૂધ્ધ ફરિયાદ આપેલી. જે ફરિયાદ આજરોજ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહિ છે જેને રજુ દા.આંક-૧૮ આપવામા આવે છે.હું આરોપીઓને ઓળખુ છુ. જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે. મને ગુનામાં ઉપયોગ કરે લોખંડની પાઇપ બતાવવામાં આવે તો ઓળખી શકુ નહિ."તેવી હકીકત સદર ફરીયાદી તેની સરતપાસમાં જણાવે છે. તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે ફરીયાદીને વિમુખ જાહેર કરવામાં આવેલ છે.

(૭.૧) સદર ફરીયાદીની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ-તપાસ દરમ્યાન જણાવેલ છે કે,"એ વાત ખરી છે કે, મારે આરોપીઓ સાથે સમાધાન થઇ ગયેલ છે. એ વાત ખરી છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી અને જપાજપી થતાં મને ચકકર આવતાં હું નીચે પડી જતાં ઈજા થયેલ. એ વાત ખરી છે કે, બનાવ ભરચક વિસ્તારમાં બનેલ અને સતત માણસોની અવર જવર હતી. એ વાત ખરી છે કે, મને કોઇએ જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય કે મારી સાથે કોઈ મારામારી કરેલ હોય તેવુ બનેલ નથી." તેવી હકીકત સદર ફરીયાદી તેમની ઉલટતપાસમાં જણાવે છે.

(૭.૨) આમ, ફરીયાદી દીલીપભાઈ ભગવાનદાસ સોલંકીનાઓની સોગંદ ઉપરની જુબાનીનું મુલ્યાંકન કરીએ તો **તેઓની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ-તપાસ દરમ્યાન એ હકીકત સ્વીકારેલ છે કે, તેમને આરોપીઓ સાથે સમાધાન થઇ ગયેલ છે. એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી અને જપાજપી થતાં તેમને ચકકર આવતાં તેઓ નીચે પડી જતાં ઈજા થયેલ. એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ ભરચક વિસ્તારમાં બનેલ અને સતત માણસોની અવર જવર હતી. એ હકીકત સ્વીકારેલ છે કે, તેમને કોઇએ જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય કે તેમની સાથે કોઈ મારામારી કરેલ હોય તેવુ બનેલ નથી.** આમ, સદરહં ફરીયા દીની સમગ્ર જુબાની લક્ષમાં લઈ મુલ્યાંકન કરતાં, ફરીયાદી તેની સોગંદ પરની જુબાનીમાં આરોપીઓ ઉપર આક્ષેપવામાં આવેલ તહોમતને સમર્થનકારક કોઇ પુરાવો રજુ કરેલ નથી. આમ, હાલના કામના આરોપીઓ ને આક્ષેપિત ગુન્હામાં સાંકળતો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૮) આમ, ફરીયાદ પક્ષ તરફે રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીનું મુલ્યાંકન કરતા, હાલના કામના આરોપીઓ ને આક્ષેપિત ગુન્હા અન્વયે સાંકળતો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, ત્યારે આરોપીઓ વિરૂધ્ધના ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબના ગુન્હાના આનુષાંગિક તત્વો ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, ત્યારે આરોપીઓ ને આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૯) આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ હોય, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદ પક્ષ તરફે પોતાનો કેસ આરોપીઓ વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો આરોપીઓ ને સજા કરી શકાય નહી. સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે રજુ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું કરવામાં આવેલ મુલ્યાંકન લક્ષમાં લેતા, આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, આ સંજોગોમાં આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપિત ગુના ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપીઓ (૧) બકારામ ઉર્ફે પ્રકાશભાઈ જોરારામ મારવાડી રહે.કરમસદ ભુતીયાવાડ, દેવવાળું ફળીયું તા.જી.આણંદ (૨) પ્રકાશભાઈ ઉર્ફે મરચુ ટીલાજીસરગરા તા.જી.આણંદ (૩) મનોજભાઈ જીવાજી મારવાડી રહે.કરમસદ ભુતીયાવાડ, દેવવાળું ફળીયું તા.જી.આણંદ (૪) પ્રતીક દીનેશભાઈ મારવાડી રહે. કરમસદ, વિદ્યાનગર રોડ રાજવન સોસાયટી મકાન નં. ૭ તા.જી.આણંદ.ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧ અન્વયે ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે નિર્દોષ છોડવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે આરોપીઓએ અગાઉ રજુ કરેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખ : ૨૮ , માહે : જુલાઈ , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૮/૦૭/૨૦૨૬
સ્થળ : આણંદ.

(B.P.THAKAR)
Additional Judicial Magistrate
Anand
GJ-01618

( એસ.એચ .પઠાણ )
ગુજરાતી સ્ટેનોગ્રાફર